
# પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ "પવિત્ર પ્રેરણા"નો મહોત્સવ બનશે

**બીએપીએસ દ્વારા તા.૧૫મી ડિસેમ્બરથી એક માસ સુધી પૂ. પ્રમુખસ્વામી મહારાજનો જન્મ શતાબ્દી મહોત્સવ ઉજવાશે : સરદાર પટેલ રીંગ રોડ પર ૬૦૦ એકરમાં ભવ્ય "પ્રમુખસ્વામી મહારાજ નગર"નું નિર્માણ કરાયું : ગુજરાત માટે એક મીની કુંભ મેળા સમાન બની રહેશે**








ગાંધીનગર, તા.૦૫

"મહાન સંતવિભૂતિ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનો શતાબ્દી મહોત્સવ પવિત્ર પ્રેરણાનો મહોત્સવ બનશે, ફેસ્ટિવલ ઓફ ઈન્સ્પિરેશન બનશે. આ મહોત્સવ માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિત ભારતના રાષ્ટ્રપતિથી માંડીને અનેક દેશોના રાજકીય, ધાર્મિક અને સામાજિક વડાઓને આમંત્રણ અપાયું છે અને ભારતના પણ અનેક સંતો-મહંતો અને વિભૂતિઓની હાજરીથી આ એક આંતરરાષ્ટ્રીય મહોત્સવ બનશે જે ગુજરાત માટે એક મીની કુંભ મેળા સમાન બની રહેશે." આ શબ્દો પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ અંગે વાત કરતાં પૂ.અક્ષરવત્સલ સ્વામીએ કહ્યાં હતા. આ સાથે પૂ. જ્ઞાનવત્સલ સ્વામીએ જણાવ્યું હતું કે "આ મહોત્સવ પૂ.પ્રમુખ સ્વામીએ સમાજની જે નિઃસ્વાર્થ ભાવે અનન્ય સેવા કરી હતી તેનું ઋણ ચુકવવાનો મહોત્સવ છે. તેમનું જીવન અન્ય માટે પ્રેરણારૂપ બને તે આ મહોત્સવનો મુખ્ય ઉદ્દેશ છે".

'બીજાના ભલામાં આપણું ભલું અને બીજાના સુખમાં આપણું સુખ' એ જીવનસૂત્ર જીવનાર પ્રમુખસ્વામી મહારાજનો આ શતાબ્દી મહોત્સવ આગામી તા.૧૫મી ડિસેમ્બર, ૨૦૨૨થી તા.૧૫મી જાન્યુઆરી, ૨૦૨૩ દરમ્યાન, એક મહિના દરમ્યાન ગાંધીનગર નજીક અમદાવાદના સરદાર પટેલ રીંગરોડ પર ભાડજ અને ઓગણજ વચ્ચે ૬૦૦ એકર જમીન પર તૈયાર થઈ રહેલાં ભવ્ય "પ્રમુખસ્વામી મહારાજ નગર" ખાતે ધામધૂમથી ભક્તિભાવપૂર્વક ઊજવાશે. લોકસેવા, સંસ્કૃતિ પ્રસાર અને અધ્યાત્મના ક્ષેત્રે અનન્ય યોગદાન આપનાર મહાન સંતવિભૂતિ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનો શતાબ્દી મહોત્સવ આંતરરાષ્ટ્રીય સ્તરે ઉજવાશે. સમાજના દરેક સ્તરમાંથી દેશ-વિદેશના લાખો શ્રધ્ધાળુઓ પૂ. પ્રમુખસ્વામી મહારાજને હૃદયપૂર્વક ભાવાંજલિ અર્પવા આ મહોત્સવમાં ઊમટશે. આ મહોત્સવ સાચા અર્થમાં પવિત્ર પ્રેરણાઓનો મહોત્સવ બની રહેશે, જયાં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના વૈશ્વિક જીવન-કાર્ય-સંદેશ તેમજ સનાતન સાંસ્કૃતિક મૂલ્યો વિવિધ માધ્યમો દ્વારા પ્રસ્તુત થશે, જે લોકોને જીવન ઘડતરની પ્રેરણાઓથી છલકાવશે. આ સમગ્ર મહોત્સવમાં વિવિધ ૪૫ જેટલાં આંતરિક વિભાગોમાં વંહેચાયેલો હશે જેના સંકલન સાથે એક અદભૂત અને અનન્ય મહોત્સવ સાકાર થશે અને ગુજરાત માટે એક કાયમી સંભારણું બની રહેશે.

### મહોત્સવ સ્થળ 'પ્રમુખસ્વામી મહારાજ નગર'ની ઝલકઃ

સળંગ એક મહિના સુધી મહોત્સવ ઉજવાશે

૬૦૦એકરની વિશાળ ભૂમિ પર 'પ્રમુખસ્વામી મહારાજ નગર'નું નિર્માણ

આયોજન માટે સમગ્ર જમીન ખેડૂતો, બિલ્ડરો અને હરિભક્ત જમીનમાલિકો દ્વારા નિઃશુલ્ક અપાઈ ૧૧૦૦ સંતો મહોત્સવનું સંચાલન સંભાળશે

અસંખ્ય સ્વયંસેવકો દિવસ-રાત ખડે પગે સેવાઓ આપશે અનેકવિધ રચનાઓથી 'કલ્ચરલ વન્ડરલેન્ડ' બની રહેશે

આંતરરાષ્ટ્રીય કક્ષાના કાર્યક્રમો તેમજ વિવિધ પ્રસ્તુતિઓ

### શતાબ્દી મહોત્સવ સર્વધર્મ સંવાદિતાનું પ્રયાગતીર્થ બનશે

પરસ્પર પ્રીતિ પ્રસરાવે તે જ ધર્મ' - ધર્મની આ અનોખી વ્યાખ્યા આપીને સમાજમાં સર્વ ધર્મ-આદરની જાગૃતિ માટે સતત પ્રયાસ કરનાર પ્રમુખસ્વામી મહારાજે દરેક ધર્મની આસ્થા અને પરંપરાને આદર આપ્યો છે. સનાતન હિંદુ ધર્મના એક સ્તંભ તરીકે તેમણે બૌદ્ધ, જૈન, શીખ, ખ્રિસ્તી, યહૂદી, મુસ્લિમ કે અન્ય ધાર્મિક પરંપરાઓ અને ઘણા દેશોના દિગ્ગજો સાથે સંવાદ સાધ્યો છે. તેથી જ પ્રમુખસ્વામી મહારાજનો આ શતાબ્દી મહોત્સવ તમામ ધર્મોનું પ્રયાગ તીર્થ બનશે. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય વિદ્વત્ પરિષદો

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે અનેકવિધ ઉચ્ચતર શૈક્ષણિક સંસ્થાનો દ્વારા સમાજના હિત માટે સંશોધનકારો અને વિદ્વાનોને પ્રોત્સાહિત કર્યા હતા. આથી, શતાબ્દી મહોત્સવના ઉપક્રમે મહોત્સવ સ્થળે વિવિધ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરની એકેડેમિક કોન્ફરન્સ-વિદ્વત્ પરિષદો યોજાશે, જેમાં ભાગ લઈને વિદ્વાનો વિવિધ વિષયો પર શોધ પ્રબંધો પ્રસ્તુત કરશે.

બીએપીએસ સંસ્થા આયોજિત આ ઉત્સવના પ્રેરણાસ્રોત છે - પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ, જેઓ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના આધ્યાત્મિક અનુગામી છે.

### શતાબ્દી મહોત્સવના આકર્ષણો

એક મુખ્ય અને અન્ય ૬ કલાત્મક સાંસ્કૃતિક પ્રવેશદ્વારો
મુખ્ય પ્રવેશદ્વાર ૨૮૦ફૂટ પહોળું અને ૫૧ ફૂટ ઊંચું
મુખ્ય પ્રવેશદ્વાર ભારતીય સંસ્કૃતિના મહાન જ્યોતિર્ધર સંતોની યાદ અપાવશે
અન્ય પ્રવેશદ્વારોની ૧૧૬ ફૂટ લંબાઈ અને ૩૮ ફૂટ ઊંચાઈ રહેશે
૧૫ ફુટ ઊંચી પીઠિકા પર પૂ. પ્રમુખસ્વામીની ૩૦ ફૂટ ઊંચી સ્વર્ણિમ પ્રતિમા હશે
મધ્યમાં દિલ્હી અક્ષરધામ મંદિરની ૬૭ ફુટ ઉંચી પ્રતિકૃતિ બનશે
વિવિધ પ્રેરણાઓ આપતા પ્રદર્શન ખંડો
જીવનઘડતર, પારિવારિક શાંતિ, વ્યસનમુક્તિ અને રાષ્ટ્ર સેવા વગેરેની રોમાંચક પ્રસ્તુતિઓ
બાળકો માટે ૧૭ એકરમાં ફેલાયેલી સાંસ્કૃતિક બાળનગરી આકર્ષણનું કેન્દ્ર બનશે
બાળકોને સંસ્કાર, શિક્ષણ, સેવા અને આરોગ્યની પ્રેરણા મળશે
બાળકો-યુવાનોની શક્તિઓને ખીલવતા વિવિધ ટેલેન્ટ શો યોજાશે
નૃત્ય-સંગીતથી ભરપૂર પ્રેરક કાર્યક્રમો યોજાશે
પાંચ પ્રદર્શનોની અનોખી પ્રસ્તુતિઓ શાશ્વત મૂલ્યોની પ્રેરણા આપશે
મહિલા ઉત્કર્ષની અનેકવિધ ગતિવિધિઓ માટે 'મહિલા ઉત્કર્ષ મંડપમ'નું આયોજન
યજ્ઞપુરુષ સભાગૃહમાં વિવિધ કાર્યક્રમો યોજાશે
રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સંતો-મહંતો, વક્તાઓ, મહાનુભાવો વગેરે દ્વારા પ્રેરણાદાયી, ચિંતનશીલ પ્રવચનો, ભક્તિમય સંગીત અને અન્ય હૃદયસ્પર્શી રજૂઆતો
મહત્ત્વનું આકર્ષણ હશે — લાઈટ એન્ડ સાઉન્ડ શો
લાઈટ એન્ડ સાઉન્ડ શોમાં ૩૦૦ કરતાં વધારે બાળકો-યુવાનોની રંગારંગ પ્રસ્તુતિ
ગ્લો ગાર્ડન "જ્યોતિ ઉદ્યાન"ની રંગબેરંગી પ્રેરણાત્મક રચના
વૈદિક યજ્ઞ કુટિર, અખંડ ભજન કુટિર, રક્તદાન યજ્ઞ વગેરે જેવી વિવિધ આધ્યાત્મિક અને સેવા-પ્રવૃત્તિઓ
અનુપમ થીમેટિક પાર્ક દરેકની આંખોને રંગબેરંગી રચનાઓથી ઠારશે
દિવસ કરતાં રાત વધુ સોહામણી હશે

## કોંગ્રેસની પ્રથમ યાદીમાં ૪૩ ઉમેદવારોની જાહેરાત

| | | |
|---|---|---|
| ૧ | અંજાર | રમેશભાઈ એસ. ડાંગર |
| ૨ | ગાંધીધામ(એસસી) | ભરત વી. સોલંકી |
| ૩ | ડીસા સંજયભાઈ | ગોવિંદભાઈ રબારી |
| ૪ | ખેરાલુ મુકેશભાઈ | એમ. દેસાઈ |
| ૫ | કડી (એસસી) | પ્રવિણભાઈ ગણપતભાઈ પરમાર |
| ૬ | હિંમતનગર | કમલેશકુમાર જયંતિભાઈ પટેલ |
| ૭ | ઈડર (એસસી) | રામાભાઈ વિરચંદભાઈ સોલંકી |
| ૮ | ગાંધીનગર (દક્ષિણ) | ડૉ. હિમાંશુ વી. પટેલ |
| ૯ | ઘાટલોડીયા | અમીબેન યાજ્ઞિક |
| ૧૦ | એલીસબ્રીજ | ભીખુ દવે |
| ૧૧ | અમરાઈવાડી | ધર્મેન્દ્ર શાંતિલાલ પટેલ (ધમાભાઈ) |
| ૧૨ | દસક્રોઈ | ઉમેદી બુધાજી ઝાલા |
| ૧૩ | રાજકોટ (દક્ષિણ) | હિતેશભાઈ એમ. વોરા |
| ૧૪ | રાજકોટ રૂરલ(એસસી) | સુરેશભાઈ કરશનભાઈ |
| ૧૫ | જસદણ | ભોલાભાઈ ભીખાભાઈ ગોહિલ |
| ૧૬ | જામનગર (ઉત્તર) | બિપેન્દ્રસિંહ ચતુરસિંહ જાડેજા |
| ૧૭ | પોરબંદર | અર્જુન મોઢવાડીયા |
| ૧૮ | કુતિયાણા | નટુભાઈ ભુરાભાઈ ઓડેદરા |
| ૧૯ | માણાવદર | અરવિંદભાઈ જીણાભાઈ લાડાણી |
| ૨૦ | મહુવા | કનુભાઈ કાલસરીયા |
| ૨૧ | નડીયાદ | ધ્રુવલ સાધુભાઈ પટેલ |
| ૨૨ | મોરવાહડફ (એસટી) | સ્નેહલતાબેન ગોવિંદભાઈ ખાંટ |
| ૨૩ | ફતેપુરા (એસટી) | રઘુ ડીતાભાઈ મછાર |
| ૨૪ | જાલોદ (એસટી) | ડૉ. મિતેષ કે. ગરાસીયા |
| ૨૫ | લીમખેડા (એસટી) | રમેશકુમાર ગુંડીયા |
| ૨૬ | સંખેડા (એસટી) | ભીલ ધીરૂભાઈ ચુનીલાલ |
| ૨૭ | સયાજીગંજ | અમીબેન રાવત |
| ૨૮ | અકોટા | રૂત્વિક જોષી |
| ૨૯ | રાવપુરા | સંજય પટેલ (એસપી) |
| ૩૦ | માંઝલપુર | ડૉ. તસ્વીન સીંઘ |
| ૩૧ | ઓલપાડ | દર્શનકુમાર અમૃતલાલ નાયક |
| ૩૨ | કામરેજ | નિલેશકુમાર મનસુખભાઈ કુંભાણી |
| ૩૩ | વરાછારોડ | પ્રફુલ્લભાઈ છગનભાઈ તોગડીયા |
| ૩૪ | કતારગામ | કલ્પેશ હરજીવનભાઈ વરીયા |
| ૩૫ | સુરત (વેસ્ટ) | સંજય રમેશચંદ્ર પટવા |
| ૩૬ | બારડોલી (એસસી) | પન્નાબેન અનિલભાઈ પટેલ |
| ૩૭ | મહુવા (એસટી) | હેમાંગીની દિપકકુમાર ગરાસીયા |
| ૩૮ | ડાંગ (એસટી) | મુકેશભાઈ ચંદ્રભાઈ પટેલ |
| ૩૯ | જલાલપોર | રણજીતભાઈ ડાહ્યાભાઈ પંચાલ |
| ૪૦ | ગણદેવી (એસટી) | શંકરભાઈ વી. પટેલ |
| ૪૧ | પારડી | જયશ્રી પટેલ |
| ૪૨ | કપરાડા (એસટી) | વસંતભાઈ બીરજુભાઈ પટેલ |
| ૪૩ | ઉમરગામ | નરેશભાઈ વજીરભાઈ વાલવી |

## આમ આદમી પાર્ટીના વધુ ૨૧ ઉમેદવારોની જાહેરાત

| | | |
|---|---|---|
| ૧ | વાવ | ડૉ. ભીમ પટેલ |
| ૨ | વિરમગામ | કુંવરજી ઠાકોર |
| ૩ | ઠક્કરબાપાનગર | સંજય મોરી |
| ૪ | બાપુનગર | રાજેશભાઈ દિક્ષિત |
| ૫ | દસક્રોઈ | કિરણ પટેલ |
| ૬ | ધોળકા | જટુબા ગોલ |
| ૭ | ધ્રાંગધ્રા | વાઘજીભાઈ પટેલ |
| ૮ | માણાવદર | કરસનબાપુ ભદ્રક |
| ૯ | ધારી | કાન્તિભાઈ સાતાસીયા |
| ૧૦ | સાવરકુંડલા | ભરત નાકરાણી |
| ૧૧ | મહુવા (અમરેલી) | અશોક જોલ્યા |
| ૧૨ | તળાજા | લાલુબેન નરસિંહભાઈ ચૌહાણ |
| ૧૩ | ગઢડા | રમેશ પરમાર |
| ૧૪ | ખંભાત | ભરતસિંહ ચાવડા |
| ૧૫ | સોજીત્રા | મનુભાઈ ઠાકોર |
| ૧૬ | લીમખેડા | નરેશભાઈ પુનાભાઈ બારૈયા |
| ૧૭ | પાદરા | જયદિપસિંહ ચૌહાણ |
| ૧૮ | વાગરા | જયરાજ સિંઘ |
| ૧૯ | અંકલેશ્વર | અંકુર પટેલ |
| ૨૦ | માંગરોલ (બારડોલી) | સ્નેહલ વસાવા |
| ૨૧ | સુરત (વેસ્ટ) | મોક્ષેસ સંઘવી |

## ભાજપના નેતા જયનારાયણ વ્યાસનું પક્ષમાંથી રાજીનામું

**નેતાએ ભાજપ સાથેનો ૩૨ વર્ષ જૂનો નાતો તોડ્યો : અપક્ષ તરીકે ચૂંટણી નહી લડું, કંઈ પાર્ટીમાં જઈશ તે પણ નક્કી કર્યું નથી, કાર્યકરો જે નક્કી કરશે તે પાર્ટીમાંથી લડીશઃ વ્યાસ**

અમદાવાદ, તા.૫

વિધાનસભાની ચૂંટણીની તારીખ જાહેર થતાં રાજકીય ગતિવધિઓ થઈ રહી છે એક બાજુ ઈન્દ્રનીલ રાજ્યગુરૂએ અચાનક જ આપ પાર્ટી સાથે છેડો ફાડીને ફરી કોંગ્રેસમાં ઘરવાપસી કરી છે તો બીજી તરફ આજે ભાજપના દિગ્ગજ નેતા જયનારાયણ વ્યાસે રાજીનામુ ધરી દીધું છે. જય નારાયણ વ્યાસે ૩૨ વર્ષ ભાજપમાં સેવા આપ્યા બાદ હવે રાજીનામું આપી દીધું છે.

જય નારાયણ વ્યાસે ભાજપના પ્રાથમિક સભ્યપદેથી રાજીનામું આપી દીધું છે. લાંબા સમયથી જયનારાયણ વ્યાસ ભાજપથી નારાજ હતા હવે જયનારાયણ વ્યાસ કોંગ્રેસમાં જોડાઈ શકે છે. તેમણે થોડા દિવસ અગાઉ રાજસ્થાનના સીએમ અશોક ગેહલોત સાથે મુલાકાત કરી હતી અને ત્યારથી એ ચર્ચાએ જોર પકડ્યું હતું કે, તેઓ ભાજપ છોડી શકે છે. ભાજપને રામ રામ કહેનારા જયનારાયણ વ્યાસે એક નિવેદન આપ્યું છે તેમણે ચૂંટણી લડવાનો હુંકાર કર્યો હતો. તેમણે કહ્યુ હતું કે, પાટણ જિલ્લા ભાજપથી કંટાળી રાજીનામું આપ્યુ છે. મારી પાસે કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી એમ બે માર્ગ ખુલ્લા છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, હું કેજરીવાલને મળું એટલે આપમાં જઈશ તેમાં તથ્ય નથી. ભાજપ સાથે મને કોઈ સંઘર્ષ નથી. પરંતુ હા હું અપક્ષ તરીકે ચૂંટણી નહી લડું. હાલ કંઈ પાર્ટીમાં જઈશ તે પણ નક્કી કર્યું નથી. કાર્યકરો જે નક્કી કરશે તે પાર્ટીમાંથી લડીશ. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, કોંગ્રેસમાંથી આવેલા નેતાઓએ મને કાયમી ફરિયાદી બનાવ્યો છે. આજે હું કાર્યકરો અને સમર્થકો સાથે વાત કરી નિર્ણય કરીશ. જયનારાયણ વ્યાસે ભારપૂર્વક જણાવ્યું હતું કે, હું ચુંટણી લડીશ. સિધ્ધપુરના ગરીબ લોકો માટે કામ કરવા રાજકારણમાં આવ્યો છું. મારા માટે કોંગ્રેસ અને આપ બન્નેમાં દ્વાર ખુલ્લા છે. દરેક પાર્ટીના નેતાઓ મારે ત્યાં આવે છે. કોંગ્રેસ અને આપ બન્ને પાર્ટીઓમાં જવાના રસ્તા મારા માટે ખુલ્લા છે.

## ગુડા પાણી ગટરના જાળવણી ખર્ચના ૬૦ લાખ વસુલવા કડક બનશે

**રૂબરૂ નોટિસ ની બજવણી કરી જોડાણ કાપવા સુધીના પગલા લેવાશે**

ગાંધીનગર તા ૫

ગાંધીનગર શહેર માં પાણી ગટર વેરા ની વસુલાત સંદર્ભે નબળું ચિત્ર ઉપસી આવ્યું છે તેમ ન્યૂ ગાંધીનગર વિસ્તારમાં પણ પાણી ગટર ના જોડાણ કર્તા જાળવણી નો ખર્ચ ચુકવવામાં નિરસતા સેવી રહ્યા છે જેના લીધે ગુડાના તંત્ર દ્વારા રૂપિયા ૬૦ લાખ જેવા બાકી લેણા વસૂલવા માટે રૂબરૂમાં નોટિસની બજવણી કરવાનો નિર્ણય લેવાયો છે.

ગાંધીનગર મહાનગર પાલિકાનું હદ વિસ્તરણ કર્યું ત્યારે સરકારે ગુડાના મોટાભાગના વિસ્તારોને મહાનગર પાલિકામાં ભેળવી દીધા હતાં. હવે ગુડાએ વિકાસ કામો માટે નાણા ભંડોળ ક્યાંથી લાવવું તે મોટો પ્રશ્ન સર્જાતા બાકી વસૂલાતો કરવા પર તરફ ગુડા એ મીટ માંડરી છે તેના અંતર્ગત પાણી અને ગટર જોડાણના કિસ્સામાં ૧૦ હજાર અને વધુ રકમના બાકિદારો પાસે કડક ઉઘરાણી શરૂ કરાશે. મેન્ટેનન્સના બિલની રકમ ભરપાઈ કરવામાં વ્યાપક ઉદાસિનતા દાખવતા બાકિદારો ટપાલથી મોકલવામાં આવતી નોટિસની પણ અવગણ ના કરવામાં આવે છે જેના લીધે હવે ગુડાના તંત્ર દ્વારા તે જવાબદાર વ્યક્તિઓને નોટિસની બજવણી હાથો હાથ કરવામાં આવશે.

ન્યુ ગાંધીનગર વિસ્તારમાં પાણીનું વ્યવસ્થાપન ગુડા તંત્રએ ઉભુ કરેલુ છે અને આ નેટવર્ક માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરાયો છે. અંદાજે ૨૫૦ જેટલા વાણિજ્ય હેતુના સહિત ૭૦૦ ઉપરાંત જોડાણ સંદર્ભે જાળવણી ખર્ચ ચુકવામાં નિરસતા સેવવામાં આવી રહી છે . આ અન્વયે વ્યક્તિગત જોડાણ અને સોસાયટીના નામના જોડાણનો સમાવેશ થાય છે. મેન્ટેનન્સ ચાર્જની આવી બાકી રકમનો આંકડો ૬૦ લાખની આસપાસ પહોંચવા જાય છે. હવે ગુડા તંત્ર માટે આવકના સાધનો મર્યાદિત છે.

જયારે વિકાસના કામો કરવા માટે નાણાંની જરૂરત પૂર્ણ કરવા માટે બાકી વસૂલાતો મેળવવા અધિકારીઓ દ્વારા વધુ કડક પગલાં લેવાનો નિર્ણય કરાયો છે . જાળવણી ખર્ચ ની વસૂલાત માટે ગાંધીનગર શહેરી વિકાસ સતામંડળ દ્વારા આ પહેલા બાકિદારોને નોટિસો ફટકારવામાં આવી હતી. પરંતુ આમ છતાં રકમ ભરાપાઇ નહીં થતાં હવે નોટિસ આપીને જોડાણ કટ કરવા સુધીના પણ પગલા લેવાશે

## ગુડાના વિવિધ વિસ્તારમાં આગામી વર્ષમાં નર્મદાનું પાણી પહોંચશે

**સરગાસણ ઉવારસદ પોર સહિતના વિસ્તારમાં પાણી અને ગટરની સમસ્યાને ડામવા અસરકારક આયોજન**

ગાંધીનગર તા ૫

મહાપાલિકામાં સમાવિષ્ટ સરગાસણ, કુડાસણ, ઉવારસદ, પોર, તારાપુર અને વાસણા હડમતિયાના વિસ્તારમાં પીવાના શુદ્ધ પાણી પહોંચાડવાની યોજના ગુડા દ્વારા હાથ ધરવામાં આવી છે. ન્યૂ ગાંધીનગર વિસ્તારમાં નર્મદાનું પાણી પહોંચતું કરવાની આ યોજનાનું કામ આગામી વર્ષમાં પૂર્ણ થઈ જાશે

ટાઉન પ્લાનિંગ સ્કીમ નંબર ૭ સરગાસણ, કુડાસણ, પોર, ટાઉન પ્લાનિંગ સ્કીમ નંબર ૮ સરગાસણ વિસ્તાર અને વાસણા હડમતિયા, ઉવારસદ અને તારૂપુરના વિસ્તારમાં પાણી પુરવઠાની યોજના અંતર્ગત વોટર ડિસ્ટ્રીબ્યુશન સ્ટેશન, હાઉસ કનેકશન, ડિસ્ટ્રીબ્યુશન નેટવર્ક સહિતના બીજા તબક્કાના અંદાજે રૂપિયા ૩૦ કરોડના ખર્ચના કામોને મંજુર કરાયા હતા અને જયારે આ પ્રોજેક્ટ હેઠળ હાથ ધરાયેલી કામગીરી હવે પૂર્ણતા ના આરે છે . બીજી બાજુ કાર્યાન્વિત કરાયેલી ભૂગર્ભ ગટર યોજના અંતર્ગત આપવાના જોડાણ બાબતે પણ મહત્તમ રહેણાંક વિસ્તારને આવરી લેવાનું આયોજન છે ગ્રામ્ય વિસ્તારમા ગામતળનો કુદરતી વિકાસ થાય તેના માટે હદ વિસ્તારમાં સુધારાનો અભિગમ અપનાવાયો છે વસતીના ધોરણને ધ્યાનમાં રાખીને કરવામાં આવેલા આ સુધારા અંતર્ગત અગાઉ ૨૦૦ મીટરની હદ મર્યાદા હતી. જેમાં સુધારો કરીને ૩૦૦ મીટર તથા ૪૦૦ મીટરની હદ મર્યાદા નિયત કરવામાં આવી છે આ ગામોની આસપાસના વિસ્તારમાં વિકાસ કામો તેજ બનશે જયારે આમ નાગરિકો ને પણ લાભ મળશે બીજી બાજુ ગુડા હસ્તકના ગ્રામ્ય વિસ્તારમાં પાણી અને ગટરની સમસ્યાને ડામવા માટે અસરકારક આયોજન સાકાર થતા નાગરિકોને યોગ્ય માળખાગત સુવિધા ઉપલબ્ધ થશે

## ભાજપ ૧૮૨ બેઠકોના ઉમેદવારોના નામની પેનલ બનાવી દિલ્હી મોકલશે

ગાંધીનગર તા ૫

ભાજપની ચૂંટણી સમિતિની બેઠકનો આજે ત્રીજો અને છેલ્લો દિવસ છે. આજે ૧૩ જિલ્લાની બાકી રહેલી તમામ ૭૭ બેઠકોના ઉમેદવારો અંગે લંબાણથી ચર્ચા થઈ રહીછે. ગૃહમંત્રી અમિત શાહની હાજરી વચ્ચે ચાલી રહેલી આ બેઠક બાદ આગામી મંગળવાર કે બુધવારથી પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડની બેઠકમાં તમામ ૧૮૨ બેઠકોના ઉમેદવારોના નામની પેનલ બનાવીને દીલ્હી મોકલાશે. ત્યાર બાદ નવી દીલ્હીથી ૧૨મી ઓકટોબરે પ્રથમ તબક્કાની ચૂંટણીના ઉમેદવારોના નામની જાહેરાત કરાશે. જો વડાપ્રધાન મોદી કહેશે તો યાદી ૧૨મી પહેલા પણ જાહેર થઈ શકે છે. કમલમ ખાતે મળેલી ત્રણ દિવસની ચૂંટણી સમિતિની બેઠકમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સતત હાજર હતા એ બાબત ખૂબ જ મહત્વપૂર્ણ છે. કેમકે આ અગાઉની કોઈ ચૂંટણીમાં તેઓ આ રીતે સમિતિની બેઠકમાં હાજર રહેતા નહોતા. સૂત્રો જણાવે છે કે, આજના મનોમંથન બાદ દરેક બેઠક માટે જે પેનલ બનશે તે મોટેભાગે તેમાં ત્રણ નામો હશે. જો કે કેટલીક બેઠકોમાં ૪-થી ૬ નામો પણ હોઈ શકે છે. ઉમેદવારો નક્કી કરવાનો અંતિમ નિર્ણય વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમિત શાહ જ લેશે. દાવેદારોએ આપેલા બાયોડેટાના આધારે જે પેનલ બનશે તે પૈકીમાંથી જો વડાપ્રધાનને પસંદ નહી હોય તો તેને કાઢી નાખશે. એટલુ જ નહી, પેનલમાં કોઈ કારણોથી નામ ન હોય અને જીતી શકે તેમ હોય તો તેવા ઉમેદવારનુ નામ રખાશે. કોંગ્રેસ અને આપ દ્વારા કેટલાક ઉમેદવારોની યાદી જાહેર કરી દેવાતા ભાજપના મુરતીયાઓ પણ હવે તલપાપડ થઈ રહ્યા છે. જો કે અમુક ઉમેદવારોને ખાનગીમાં કહી દેવાયુ છે કે તમારી ટિકિટ પાક્કી છે. તમે તૈયારીમાં લાગી જાવ.

## ચાંદખેડા વિસ્તારમાંથી યુવકનો મૃતદેહ મળી આવ્યો

ગાંધીનગર તા ૫

શહેરમાં ગુનાખોરીની ઘટનાઓ વધી રહી છે, ત્યારે વધુ એક યુવકનો મૃતદેહ મળી આવ્યો છે. ચાંદખેડા વિસ્તારમાંથી યુવકનો મૃતદેહ મળી આવતાં ચકચાર મચી જવા પામી છે. તળાવમાંથી યુવકનો મૃતદેહ મળી આવતાં પોલીસ દોડતી થઈ હતી. ઘટનાને પગલે પોલીસે અકસ્મતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ચાંદખેડા વિસ્તારમાં એક અજાણ્યા યુવકનો મૃતદેહ મળી આવ્યો છે. ચાંદખેડા સ્મશાનગૃહ નજીક આવેલા તળાવમાંથી યુવકનો મૃતદેહ મળી આવ્યો છે. ઘટનાની જાણ થતાં પોલીસ દોડી આવી હતી અને વધુ તપાસ હાથ ધરી હતી.

યુવકનું મૃત્યુ તળાવમાં પડી જવાથી થયું છે કે પછી હત્યા નિપજાવવામાં આવી હતી? તે મામલે પોલીસ તપાસ હાથ ધરી છે. પોલીસ યુવકનો મૃતદેહ પીએમ અર્થે ખસેડી વિવિધ દિશામાં તપાસની કાર્યવાહી હાથ ધરી છે. સાથે જ ચાંદખેડા પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધ્યો છે. નોંધનીય છે કે, ગઈકાલે વાસણા બેરેજ નજીક આવેલી ઝાડીમાંથી એક યુવકની અત્યંત વિકૃત હાલતમાં લાશ મળી આવતા ચકચાર મચી ગઈ હતી. યુવકની હત્યા થઈ છે કે તેનું કુદરતી મોત થયું છે, તે મામલે પોસ્ટમોર્ટમ રિપોર્ટ બાદ જાણવા મળશે. જે રીતે ઝાડીઓમાંથી યુવકની લાશ મળી આવી હતી તે જોતા લાગી રહ્યુ હતું કે તેની હત્યા કરવામાં આવી હોઈ શકે. પોલીસે યુવકની હત્યા થઈ છે તેવું માનીને તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો.